જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૯/૨૦૧૮ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૪ વ્યક્તિઓને ઝડપી, ૩૩૧ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર,૧ મોટર સાયકલ, ૧ રિક્ષા અને ૧ ઈક્કો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૩/૧૮**

**નરોડાઃ** મોહીતભાઇ રમેશચંન્દ્ર પંડયા (ઉ.વ.૨૭)(રહે, ન્યુ સેકટર-૩ ગાંધીનગર) એ તા.૨૪/૯/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૧૮ નારોજ મોહીતભાઇએ પોતાનુ રોયલ એન્ફીડ બુલેટ સીડી-૯૦૫૦ કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- આરોપી નીખીલ વ્યાસ (ઓફીસ: જે એમ ઓટૉ કનસ્લટન્ટ એકનાથ કોમ્પ્લલેક્ષ સ્મશાન નરોડા) ને વેચાણથી આપેલ. જે પેટે નીખીલે એક્સીસ બેંન્ક કુબેરનગર શાખાનો આપેલ ચેક બાઉન્સ થતા,બુલેટના રૂપિયા માંગતા નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.વી.સોલંકી ચલાવે છે.

**ઓઢવઃ** પિયુષભાઇ મણીલાલ પટેલ (રહે.યામીની પાર્ક નવરંગ હાઇસ્કુલ અંબિકાનગર ઓઢવ) એ તા.૨૪/૯/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૩/૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ રીંગ રોડ ઉપર આવેલ કિષ્ના ઇન્ડ.એસ્ટેટ તથા ખોડીયારનગર યોગેશ ઇન્ડ.નર્મદા એસ્ટેટ ખાતે આરોપી જગમીત મુલતાની (રહે,એસ.સી.ઓ.૧૦૮ બીજે માળ સેક્ટર-૪૭/સી ચંદીગઢ) એ મશીન આપાવવાનુ કહી રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ મશીન નહી અપાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૪/૧૮**

**અમરાઇવાડીઃ** હિંમતભાઇ ગોબરભાઇ મકવાણા (રહે,શક્તિનગર ભારતીપાર્ટી પ્લોટ સામે રબારી કોલોની અમરાઇવાડી) એ તા.૨૪/૯/૧૮ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૯/૧૮ રાતના ૧૧/૪૫ થી તા.૨૪/૦૯/૧૮ કલાક ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૨,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૭૫/૧૮**

**વસ્ત્રાપુરઃ** નિધીબહેન ડો/ઓ વસંતભાઈ અનારકર (રહે.સોમેશ્વર પાર્ક સન એન્ડ સ્ટેપ કલ્બ, સતાધાર રોડ ઘાટલોડીયા) એ તા.૨૩/૦૯/૧૮ રાતના ૮/૦૦ વાગે સિંધુભવન રોડ ગોટીલા ગાર્ડનની દિવાલ નજીક પોતાની હોંડા બ્રીવો કાર નંબર જીજે.૦૧.કે.આર.૯૦૩૭ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૯/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ નિધીબહેન અનારકરે તા.૨૪/૯/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર વાસુદેવ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૬/૧૮**

**સાબરમતીઃ** મનુભાઇ કાંતીભાઇ પરમાર (ઉ.વ.૨૫)(રહે,નાદરીયા પરૂ, શ્રીમાળીવાસ લક્ષ્મીપૂરા તાલુકો સરસ્વતી જીલ્લો પાટણ) તા.૨૪/૦૯/૧૮ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી રેલ્વે હોસ્પીટલ પાસે કાળીગામ ગરનાળા નજીક ટ્રેઈનની અડફેટે આવી જતા, બંન્ને પગ કપાઇ જતા, સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૫/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર સુતરીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૭/૧૮**

**સરદારનગરઃ** અજયભાઇ બલુભાઇ ઠાકોર (ઉ.વ.૧૮) (રહે.અંબિકાનગર નરોડા રેલ્વે સ્ટેશન સામે નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા ૨૪/૯/૧૮ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેન્દ્રસિંહ લાલસિંહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** પારૂલબહેન ઉર્ફે પારૂ વા/ઓફ લવજીભાઇ ઠાકોર (ઉ.વ.૪૦) (રહે.સાંકળચંદ મુખીની ચાલી બહેરામપુરા પોસ્ટ ઓફિસ પાસે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૯/૧૮ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષભાઇ લક્ષ્મણભાઇ ચલાવે છે.

**નારોલઃ** મંજુસિંગ વા/ઓફ જયસિંગ ઠાકુર (ઉ.વ.૨૯) (રહે.કોયલી તલાવડી સબ સ્ટેશન પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૯/૧૮ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ લેતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૯/૧૮ સાજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્તેખાબાઅલ મુંખતાર હસન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.